ફોન નંબર: ૦૨૭૪૨ ૨૫૨૪૩૦
ફેકસ નંબર : ૦૨૭૪૨ ૨૫૭૦૮૮
Email:exen.rnbpln@gmail.com

Azadi Ka Amrit Mahotsav

કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
માર્ગ અને મકાન વિભાગ (રાજય),
પાલનપુર.

જા.નં.પીબી/ ૮૭૬૫ /૨૦૨૩ તા. ૦૮/૧૨ /૨૦૨૩

પ્રતિ,
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
બનાસકાંઠા વન વિભાગ,
પાલનપુર.

વિષય :– **Diversion of 5.0523 (3.4202 Ha. RF +1.6921 PF) Widening of Existing road from gabbar taleti to gabbar circle road km 166/520 to 169/015**

**Proposal No. FP / GJ / ROAD / 152654 / 2022**

સંદર્ભ:– માન.કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી બનાસકાંઠાના પત્ર જા.નં.એ.જમીન.૨.વશી. ૪૩૪૮૪ / તા.૧૯/૧૦/૨૦૨૩

ઉપરોકત વિષય અન્વયે સાદર જણાવવાનું કે, વિષય મુજબની કામગીરી માટે ૩.૪૨૦૨ હે.વન વિભાગની જમીન મેળવવા માટે દરખાસ્ત કરેલ છે. સદર દરખાસ્તની વળતર વનીકરણની જમીન માટે સંદર્ભમાં દર્શાવ્યા મુજબના પત્રથી માન. કલેકટરશ્રી ધ્વારા વન વિભાગને જમીન ફાળવવા માટે નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગાંધીનગરને મોજે. જડીયાલ, તા.પાલનપુરના સ.નં.૧૧૯ (જુના સ.નં. ૮૮ અ પૈકી ૧૭) ની હે.આરે. ૩ – ૪૨ – ૦૨ ચો.મી. ની દરખાસ્ત કરેલ છે. જેનો સ્થળ સ્થિતિનો નકશો આ સાથે બિડાણમાં સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. તો સદર દરખાસ્ત બાબતે આગળની ઘટતી કાર્યવાહી થવા વિનંતી છે.

બિડાણ:– ઉપર મુજબ

કાર્યપાલક ઈજનેર
માર્ગ અને મકાન વિભાગ
પાલનપુર

નકલ રવાના:– પ્રતિ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન પેટા વિભાગ, અંબાજી તરફ જાણ તથા સંપર્કમાં રહી જરૂરી કાર્યવાહી કરવા સારૂં.

R&B SUB DIVISION FILE/ FOREST FILE / 2023

# કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, બનાસકાંઠા

જોરાવર પેલેસ, પાલનપુર - ૩૮૫૦૦૧, જિ. બનાસકાંઠા

ફોન નં. ૦૨૭૪૨-૨૫૫૭૮૩ ફેક્સ નં. ૦૨૭૪૨-૨૫૨૭૪૦

નં.એ.જમીન.ર.વશી. ૪૩૪૮૪

તા.૧૯/૧૦/૨૦૨૩

પ્રતિ,
નાયબ સચિવશ્રી,
મહેસુલ વિભાગ,
નવા સચિવાલય, ગાંધીનગર.

વિષયઃ મોજે. જડીયાલ તા. પાલનપુર
સ.નં. ૧૧૯ (જુના સ.નં. ૮૮અપૈકી૧૭) ની હે.આરે. ૦૩-૪૨-૦૨ ચો.મી.
જમીન વન વિભાગને વળતર વનીકરણના હેતુ માટે ફાળવવા બાબત

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનુ કે, કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન (રાજ્ય) દ્વારા ચિત્રાસણી - બાલારામ - અંબાજી એસ.એચ. નં. ૫૪ રસ્તાના કિ.મી. ૧૬૬/૫૨૦ થી ૧૬૯/૦૧૫ ગબ્બર તળેટીથી ગબ્બર સર્કલ સુધીના હયાત ૧૦ મીટર રસ્તાને ૪ માર્ગીય કરવાની કામગીરીમાં વન વિભાગની કપાત થતી ૩૪૨૦૨ ચો.મી. જમીન કપાત થતી હોઈ તેના બદલામાં મોજે. જડીયાલ તા. પાલનપુરના સ.નં. ૧૧૯ ની હે.આરે. ૦૩-૪૨-૦૨ ચો.મી. જમીન વન વિભાગને વળતર વનીકરણના હેતુ માટે ફાળવવા માંગણી કરેલ છે. જે અંગે વિગતો નીચે મુજબ છે.

મોજે. અંબાજી તા. દાંતાના સ.નં. ૮ પૈકીની વન વિભાગ હસ્તકની ૩૪૨૦૨ ચો.મી. જમીન ચિત્રાસણી - બાલારામ - અંબાજી એસ.એચ. નં. ૫૪ રસ્તાના કિ.મી. ૧૬૬/૫૨૦ થી ૧૬૯/૦૧૫ ગબ્બર તળેટીથી ગબ્બર સર્કલ સુધીના હયાત ૧૦ મીટર રસ્તાને ૪ માર્ગીય કરવાની કામગીરીમાં કપાત થતી હોઈ તે જમીનના બદલામાં મોજે. જડીયાલ તા. પાલનપુરના સ.નં. ૧૧૯ ની હે.આરે. ૦૩-૪૨-૦૨ ચો.મી. જમીન વન વિભાગને વળતર વનીકરણના હેતુ માટે ફાળવવાની થાય છે.

મોજે. જડીયાલ તા. પાલનપુરના સ.નં. ૧૧૯ (જુના સ.નં. ૮૮અપૈકી૧૭) ની જમીન શ્રીસરકાર હસ્તક ચાલે છે. જમીન સ્થળે ખુલ્લી છે.

ઉક્ત વિગતો ધ્યાને લઈ ચિત્રાસણી - બાલારામ - અંબાજી એસ.એચ. નં. ૫૪ રસ્તાના કિ.મી. ૧૬૬/૫૨૦ થી ૧૬૯/૦૧૫ ગબ્બર તળેટીથી ગબ્બર સર્કલ સુધીના હયાત ૧૦ મીટર રસ્તાને ૪ માર્ગીય કરવાની કામગીરીમાં વન વિભાગની કપાત થતી ૩૪૨૦૨ ચો.મી. જમીન કપાત થતી હોઈ તેના બદલામાં મોજે. જડીયાલ તા. પાલનપુરના સ.નં. ૧૧૯ ની હે.આરે. ૦૩-૪૨-૦૨ ચો.મી. જમીન વન વિભાગને વળતર વનીકરણના હેતુ માટે જમીન મહેસુલ નિયમોના વહીવટી હુકમ ૩ હેઠળ તબદીલ કરવા સરકારશ્રી કક્ષાએ યોગ્ય નિર્ણય થઈ આવવા વિનંતી છે.

બિડાણ : અસલ પ્રકરણ

(વરુણકુમાર બરનવાલ)
કલેક્ટર બનાસકાંઠા

E:\LND-2 2023\Sarkar Letter 2023.Docx